અપીલ અરજી નં.૩૦,૩૮ તા.૨૬–૪–૧૦/૧૧

અરજદારઃ– શ્રી હેમંત એન. દેસાઈ
સામાવાળાઃ– એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન)

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન. દેસાઈની તા.૨૫–૩–૧૦ની અરજીથી સુરત શહેર બેગમપુરા દુધારાશેરી ઘ.નં.૪/૩૬૬ વાળી મિલકતના મંજુર પ્લાનની રજાચીઠ્ઠીની કોપી ફાળવી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૬–૪–૧૦ ની **SMC/FAP/** નં.૩૦/૨૦૧૦–૧૧
તથા અરજદાર મજકુરની તા.૩–૫–૧૦ ની **SMC/FAP/** નં.૩૮/૨૦૧૦–૧૧

શ્રી હેમંત એન. દેસાઈની તા.૨૫–૩–૧૦ની અરજીથી સુરત શહેર બેગમપુરા દુધારાશેરી ઘ.નં.૪/૩૬૬ વાળી મિલકતના મંજુર પ્લાનની રજાચીઠ્ઠીની કોપી ફાળવી આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૬–૪–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે તથા ફરીથી તા.૩–૫–૧૦ ના રોજ તે જ બાબતે ફરીથી અપીલ કરતાં આપેલ અપીલ નં.૩૮ નું જોડાણ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા અનુક્રમે પત્ર નં.આરટીઆઈ સેલ/ ૧૮૪ તા.૧૦–૫–૧૦ તથા પત્ર નં.૨૧૦ તા.૧૩–૫–૧૦ થી એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં જાહેર માહિતી અધિકારી પક્ષકાર જણાવેલ નથી તથા માહિતી અને દાદની વિગતો જણાવેલ નથી તે જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારે તા. ૩–૫–૧૦ ના રોજ અપીલના આધારો રજૂ કરેલ છે. તથા તા.૧૧–૫–૧૦ ના પત્રથી રજુઆત કરેલ છે. જાહેર માહિતી અધિકારી તરફથી સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૯૨ તા.૫–૫–૧૦ થી અરજદારની બીજી અપીલ સાથે પૂરક વિગતોની માહિતી અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની તા.૨૫–૩–૧૦ ની અરજીથી સુરત શહેર બેગમપુરા દુધારાશેરી ઘર નં.૪/૩૬૬ વાળી મિલ્કતના મંજુર પ્લાનની રજાચિઠ્ઠીની કોપી ફાળવીની માહિતી આપો તેવી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને કરવામાં આવેલ. જે બાબતે અરજદારે તા.૨૬–૪–૧૦ ના રોજ ૩૦ દિવસમાં કોઈ પ્રતિભાવ મળ્યો નથી સમય મર્યાદામાં માહિતી મળેલ નથી તેવું જણાવી અપીલ અરજી કરેલ છે. જે અંગે અરજદારને અત્રેથી આરટીઆઈ સેલ/૧૮૪ તા.૧૦–૫–૧૦ થી પક્ષકાર જાહેર માહિતી અધિકારી જણાવેલ નથી તથા માહિતી અને દાદની વિગતો જણાવી નથી તે જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારે તા.૩–૫–૧૦ ના રોજ ફરીથી અપીલ કરેલ જેમાં ૧. આપવામાં આવેલી માહિતી ખોટી છે તેમજ સંતોષકારક નથી. ૨. ઘર નં.૪/૩૬૬ વાળી મિલ્કતની બાંધકામની રજાચિઠ્ઠી માંગેલ નહીં કે વિકાસ પરવાનગી એટલે કે જે માહિતી આપવામાં આવેલ છે તે ખોટી છે. ૩. માહિતીમાં જે વસ્તુની માંગણી કરી છે તે વસ્તુની નકલ ફાળવવા અને તે નકલ ન હોય તો મને માહિતીમાં જણાવવું જોઈએ કે મકાનની બાંધકામની રજાચિઠ્ઠી ઉપલબ્ધ નથી તેવું અપીલ તબકકે અરજદારે જણાવેલ છે. ત્યાર બાદ તા.૧૧–૫–૧૦ ના રોજ અરજદારે તેમના પત્રમાં તા.૩–૫–૧૦ ના રોજ આધાર રજુ કરેલ છે તેમ છતાં તા.૧૦–૫–૧૦ ના પત્ર નં.આરટીઆઈ સેલ/૧૮૪ ના આધારે અપીલનો આધાર રજુ કરું છું. જાહેર માહિતી અધિકારી સમય મર્યાદામાં માહિતી આપે તે બાબતે તાકીદ કરવા વિનંતી કરું છું. તેવું જણાવેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૧૬ તા.૨૨–૪–૧૦ થી " વોર્ડ નં.૪ નોંધ નં.૩૬૬ વાળી મિલ્કતે ઝોન કચેરીનો ઉપલબ્ધ રેકર્ડ ચકાસતાં વિકાસ પરવાનગી આપેલ હોવાનું જણાતું નથી. તેવી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને સમય મર્યાદામાં પૂરી પાડેલ હોય તાકીદ કરવાનો કોઈ પ્રશ્ન રહેતો નથી. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨ (જે) હેઠળ માહિતી અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તા મંડળની પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૫–૩–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી અને હકીકતલક્ષી માહિતી પૂરી પડાયેલ હોય બંને અપીલ અરજી અંગે કંઈ વિશેષ કરવાનું રહેતું ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫ –૧૦

ડે.કમિશ્નર(જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ...જાણ તથા અમલ માટે
(૨) શ્રી હેમંત એન. દેસાઈ